ગાંધીનગર સમાચાર

ટેક ફેસ્ટ-૧૬માં ૧૫ હજાર મુલાકાતીઓ ઉમટયા

## @ગાંધીનગર

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા બપોરે ૩ કલાકે સેકટર-૬ સરકારી પ્રાથમિક શાળા સંકુલ ખાતે સમાજની વાર્ષિક સામાન્ય સભા યોજાશે.

● સનફલાવર હોસ્પિટલ દ્વારા સવારે ૯ થી ૨ કલાક દરમિયાન સેકટર-૭-બી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ હોલ ખાતે વિના મૂલ્યે વંધ્યત્વ નિવારણ કેમ્પ યોજાશે.

● યોગી ડીવાઈન સંસ્થા દ્વારા રાત્રે ૮.૩૦ થી ૧૦ કલાક દરમિયાન સે-૧૨, બલરામ મંદિર પરિસર ખાતે યોજાનાર પારાયણમાં હરિપ્રસાદ સ્વામી તથા હરીધામના સંત બ્રહ્મવિહારી સ્વામી દ્વારા કથાનું રસપાન કરાવાશે.

● નિકી હોસ્પિટલ પ્લોટ નં. ૪૮૪/૨, સે-૨૯ ખાતે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન વિના મૂલ્યે નિદાન કેમ્પ યોજાશે.

# મહિનામાં હેલ્મેટ વગરના ૩૮ હજાર વાહનચાલકો દંડાયા

**ગાંધીનગર શહેરમાં ફરજીયાત હેલ્મેટને એક મહિનો થયો : રૂ. ૩૮ લાખ દંડની વસુલાત : શહેરના માર્ગો પર હવે દશમાંથી સાત વ્યકિત હેલ્મેટ પહેરેલા જોવા મળે છે**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુ ઘટાડવા માટે સર્વે કર્યા બાદ શહેરમાં ફરજીયાત હેલ્મેટ અમલવારી કરાવવા એસ.પી.એ. કડક સુચના આપી હતી. આ આદેશને એક મહિનો થઈ ગયો છે. હવે ૧૦માંથી ૭ વાહન ચાલકો હેલ્મેટમાં જોવા મળે છે. એટલે કે અંદાજે ૭૦ ટકા ચાલકો હેલ્મેટ પહેરતા થઈ ગયા છે. જે ખુબ જ સારી બાબત છે. એક મહિનામાં ટ્રાફીક પોલીસ તથા સ્થાનિક પોલીસે મળીને હેલ્મેટ વગર શહેરમાંથી પસાર થતા વાહનચાલકો પાસેથી રૂ. ૩૮ લાખનો જંગી દંડ વસુલ્યો છે.

ગાંધીનગર પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે શહેરમાં ૧૧મી ફેબ્રુઆરીથી ટુ વ્હીલર્સ ચલાવતા ચાલકોને હેલ્મેટ ફરજીયાત પહેરવા આદેશ કરી કડકપણે અમલવારી કરાવવા ટ્રાફીક પોલીસને તથા સ્થાનિક પોલીસને સુચના આપી દીધી હતી. શહેરના વિવિધ સર્કલો પર તથા મુખ્ય પ્રવેશ દ્વાર, એસપી ઓફીસ ઉપરાંત નવા સચિવાલય બહાર પણ પોલીસે હેલ્મેટ ઝુંબેશ હાથ ધરીને એક મહિનામાં ૩૮ હજાર વાહનચાલકો પાસેથી દંડની વસુલાત કરી છે જેમણે હેલ્મેટ પહેર્યા ન હતા.

એક મહિનામાં ૩૮ હજાર વાહનચાલકો પાસેથી રૂ. ૩૮ લાખનો દંડ વસુલવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. એસ.પી.ના જણાવ્યા મુજબ હજુ હેલ્મેટ ચેકીંગ ચાલુ જ રહેશે અને હવે આકસ્મિક ચેકીંગ પણ શરૂ થશે. કોઈ પણ માર્ગ પર વચ્ચે પોલીસની ટીમ ઉભી રહી જશે અને સરપ્રાઈઝ ચેકીંગ કરશે.

## વાતવાતમાં

● મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો કાફલો ઘ-૩ પથિકશ્રમ સર્કલેથી પસાર કરાવતા ટ્રાફિક પોલીસને પરસેવો છુટી ગયો હતો. સર્કલની આસપાસ આડેધડ પાર્ક થયેલ વાહનો હટાવવામાં થાકેલી પોલીસે છેવટે બેરિકેડસ આડા કરી રિબિનથી હદ બાંધવી પડી હતી.

● ગાંધીનગર-ચિલોડા માર્ગ પર એક વિદેશી સાયકલિસ્ટે રાત્રિ રોકાણ કર્યું છે. આ સાયકલિસ્ટ કન્યાકુમારીથી કાશ્મીર સુધીના ભારત ભ્રમણે સાયકલ પર નીકળ્યા છે.

● નગરના કેટલાક મુખ્ય માર્ગોની આસપાસ ફેન્સીંગ કરવા વન વિભાગ દ્વારા થાંભલા રોપવા માટે ખાડા કરાયા છે. આ ખાડાઓ પાનખરના પાંદડાથી ભરાઈ જતા ઘણા નગરજનો અકસ્માતે ફસાઈ નાની મોટી ઈજાનો ભોગ બની રહ્યાં છે.

● મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મહીસાગર જિલ્લામાં થયેલા ટ્રેકટર-ટ્રોલી અકસ્માતના ૧૦ મૃતકો પ્રત્યે સંવેદના વ્યકત કરી હતી. મુખ્યમંત્રીએ તમામ મૃતકો માટે રૂ. ૪ લાખની સહાય જાહેર કરી છે.

# ટેક ફેસ્ટ-૧૬માં ૧૫ હજાર મુલાકાતીઓ ઉમટયા

**વિવિધ ૬૦ સ્પર્ધાઓમાં ૧૨ હજારથી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો : ૭૦ સ્ટાર્ટઅપ ઈન્ડિયાના રજીસ્ટ્રેશન થયા સ્માર્ટ સીટી કોન્કલેવ યોજાયો : એટીવી રેસ અને વિદ્યાર્થીઓએ બનાવેલા રોબોટ છવાયા**

ગાંધીનગર, તા.૧૨

ચાંદખેડાની વિશ્વકર્મા ગર્વમેન્ટ એન્જિનીયરીંગ કોલેજ ખાતે યોજાયેલ બે દિવસીય રાષ્ટ્રીય કક્ષાના ટેકનિકલ ફેસ્ટિવલ 'ટેક ફેસ્ટ-૧૬'માં આશરે ૧૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઉમટી પડયા હતા. ટેકનિકલ ફેસ્ટિવલમાં સ્પર્ધકોએ એકમેકથી ચડિયાતા પ્રદર્શનો દ્વારા મુલાકાતીઓને ખુબ પ્રભાવિત કર્યા હતા. ટેકફેસ્ટનું સમાપન અમદાવાદના મેયર ગૌતમ શાહ અને જીટીયુના વાઈસ ચાન્સેલર અકસાઈ અગરવાલની ઉપસ્થિતિમાં યોજાયું હતું. બે દિવસમાં વિદ્યાર્થીઓએ આ ફેસ્ટીવલને મન ભરી માણ્યો હતો અને આશ્ચર્યજનક ઈનોવેટિવ ક્રિએશન્સ પ્રસ્તુત કર્યા હતા.

ટેક ફેસ્ટ-૧૬ના અંતર્ગત 'સ્માર્ટ સીટી' કોન્કલેવ યોજાયું હતું. તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા-સ્ટેન્ડ અપ ઈન્ડિયા' આધારિત ધ્યાનાકર્ષક કાર્યક્રમ યોજાયા હતા. આ પ્રસંગે વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રાજુલ ગજ્જરે જણાવ્યું હતું કે 'આટલા મોટા પરિપ્રેક્ષ્યમાં ટેકનિકલ ફેસ્ટિવલ યોજાય તેવી રાજયની આ પ્રથમ ઈવેન્ટ છે. આ ઈવેન્ટમાં ૭૦ જેટલા સ્ટાર્ટ અપ્સનું રજીસ્ટ્રેશન થવા પામ્યું છે જે રાજયના યુવા વર્ગના એન્ટરપ્રિન્યોરશીપ માનસને પ્રોત્સાહન તથા યોગ્ય તક પુરી પાડવાનો અમારો અભિગમ દર્શાવે છે.'

'સ્માર્ટ સીટીઝ-ધ ફયુચર ઓફ લીવીંગ' કોન્કલેવના ઉદઘાટન પ્રસંગે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર ડી. થારા, આઈઆઈટી ગાંધીનગરના ડાયરેકટર સુધી જૈન, ઈડીઆઈના ડાયરેકટર ડૉ. સુનિલ શુકલ અને જીટીયુના વાઈસ ચાન્સેલર અકસાઈ અગરવાલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત સેપ્ટ યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ પ્લાનિંગ ના હેડ સાશ્વત બંદોપાધ્યાયે જણાવ્યું હતું કે યુરોપિયન મોડેલની નકલ કરવાથી ભારતીય મુશ્કેલીઓનો અંત નહીં આવી શકે. તેમણે કેટલાક લાઈવ ઉદાહરણો જેવા કે ટ્રાફિકની સમસ્યા વગેરેના નિરાકરણ સાથે સ્માર્ટ સીટીના મોડેલની પરિકલ્પના વ્યકત કરી હતી.




ટેક ફેસ્ટ ૧૬માં સ્પર્ધકો દ્વારા રીવર્સ એન્જિનીયરીંગ, અર્બનાઈઝમ, લેઝર મેઝ, કેમ-ઓ-કાર, ઑલ ટેરિન વ્હીકલ, રોબોટિકસ, રોબો કોપ્ટર, એસ્કેપ ધ હૉલસ, મેટલ બેટલ, સ્ટાર્ટ અપ ફેર, એશિકલ હેકિંગ, ડ્રોન મેકિંગ જેવી ૬૦ ઈવેન્ટ સ્પર્ધા યોજાઈ હતી. સમાપન સમારોહમાં સ્પર્ધાઓના વિજેતાઓને કુલ રૂ. ૩ લાખના ઈનામોથી નવાજવામાં આવ્યા હતાં.

## ૭ વર્ષથી વોન્ટેડ બુટલેગર એબસ્કોન્ડર સ્કવોર્ડની ઝપટમાં

ગાંધીનગર, તા.૧૨

રેન્જ આઈજીપીની સુચનાથી ગાંધીનગર એલસીબીની એબસ્કોન્ડર



સ્કવોર્ડે નાસતા ફરતા આરોપીઓ પકડવા બાતમીદારો સક્રીય કર્યા છે ત્યારે આજે સ્કવોર્ડે ડભોડા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં વર્ષ ૨૦૧૦થી નાસતા ફરતા બુટલેગરને પકડી પાડયો છે. ૭ વર્ષથી વોન્ટેડ અમદાવાદ ઓઢવના નવા નિકોલ વિસ્તારના બુટલેગર રશીક ચતુર પટેલની અટકાયત કરી એલસીબીએ ડભોડા પોલીસને સોંપી દીધો છે.

## ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા ધરણા કરાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આગામી તા. ૧૪મી માર્ચના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે અન્ન, સુરક્ષા અને મનરેગા કાયદાની યોગ્ય અમલવારી ન કરવા તેમજ કાયદાઓનો નકારાત્મક પ્રચાર સરકાર દ્વારા કરી સામાન્ય માણસોને આ અધિકારથી વંચિત રાખવાનો પ્રયાસ થઈ રહ્યો છે તેના વિરૂદ્ધમાં ધરણા યોજી મા. કલેકટર ગાંધીનગરને આવેદનપત્ર આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધરણા કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ, સદસ્યો, ઉપપ્રમુખ, વિરોધ પક્ષના નેતાઓ, તાલુકા પંચાયતના પ્રમુખ, હોદ્દેદારો, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ, નગરપાલિકાના સદસ્યો, સેવાદળ, વિરોધ પક્ષના નેતાઓ, મહિલા કોંગ્રેસ યુથ કોંગ્રેસના હોદ્દેદારો તેમજ સમગ્ર જિલ્લાના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહેશે.

# અડાલજ યુરો કિડ્સ પ્રિ - સ્કૂલના વાર્ષિકોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર - સરખેજ માર્ગ પર આવેલા અડાલજ ખાતે સ્થિત યુરો કિડ્સ પ્રિ સ્કૂલના વાર્ષિકોત્સવની ઉજવણી ગાંધીનગર ટાઉનહોલ ખાતે કરવામાં આવી હતી. શાળામાં અભ્યાસ કરતા ૧૦૦ જેટલા ભુલકાઓએ ૧૦ થી વધુ સુંદર કૃતિઓ રજુ કરી હતી. ભારતીય સંસ્કૃતિ અને દેશભકિતના ગીતો પર અદભુત ડાન્સ કરતા ટાઉનહોલમાં હાજર સૌએ વાલીઓએ બાળકોને તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા. આ પ્રસંગે ટાઉનહોલમાં મોટીસંખ્યામાં શાળા પરિવારના સભ્યો તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આયોજીત અડાલજ યુરો કિડ્સ પ્રિ સ્કૂલના વાર્ષિકોત્સવ પ્રસંગે ઉપસ્થિત અડાલજ ગામના સરપંચ જયેશ પટેલ અને સ્કૂલના ટ્રસ્ટી વ્રજ શુકલાએ દિપ પ્રાગટય કરી કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે અડાલજના સરપંચ જયેશ પટેલે બાળકોને સંબોધતા જણાવ્યું હતું કે અડાલજ ગામમાં પ્રિ સ્કૂલથી ગામના બાળકોને સારુ શિક્ષણ પ્રાપ્ત થાય છે. શહેરમાં જેવી સુવિધા ધરાવતી પ્રિ સ્કૂલ અડાલજમાં હોવાથી ગામના નાગરીકોને પણ ઘણો ફાયદો થયો છે તેમજ સારા શિક્ષણ થી બાળકોના ભવિષ્યનું નિર્માણ થાય છે.શાળાના માર્ગદર્શનથી બાળકોનો વિકાસ થાય છે. નાના ભુલકાઓએ સુંદર પરફોમન્સ રજુ કરતા તેઓને અભિનંદન પાઠવ્યા હતા. શાળાના નાના ભુલકાઓએ ભારતના વિવિધ ૨૯ રાજયોની સંસ્કૃતિની ઝાંખી કરાવી હતી. ત્યારબાદ હીન્દી ફિલ્મો ગીતો પર ડાન્સ રજુ કર્યો હતો. જયારે બાળકોએ મેરે દેશ કી ધરતી સોના ઉગલે ઉગલે, એ મેરે વતન કે લોગો જરા આંખમે ભરલો પાની, યે દેશ હે વીર જવાનો કા અલબેલો કા, સહિતના જુદા જુદા દેશભકિતના ગીતો પર સુંદર પર્ફોમન્સ રજુ કરીને દેશભકિત રજુ કરી હતી. તમામ બાળકોને ડાન્સ માટે તાલીમ શાંયતિએ આપી હતી. આ પ્રસંગે યુરો કિડ્સના આચાર્ય શ્વેતાબેન અને શાળા પરિવારના સભ્યો સહિત મોટીસંખ્યામાં વાલીગણ હાજર રહ્યા હતા. કાર્યક્રમનો સફળ બનાવવા માટે શાળા પરિવારના ટીચર્સે ભારે જહેમત ઉઠાવી હતી.






# વાવોલમાં આઈશર ટ્રકની અડફેટે બાઈક સવાર વૃદ્ધનું મોત

**વાવોલ-ઉવારસદ રોડ પર શાલ્વીક શુકન ફલેટ સામે મોડી સાંજે બનેલી ઘટના : આરોપી ડ્રાઈવરની ધરપકડ**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામમાં ઉવારસદ રોડ પર સ્થિત શાલ્વીક શુકન ફલેટ સામે મોડી સાંજે બેફામ જતી આઈશર ટ્રકે આગળ જતી બાઈકને જબરદસ્ત ટકકર મારી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં બાઈક સવાર ૬૦ વર્ષીય વૃદ્ધનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. જયારે તેમની બાઈક ચલાવી રહેલા મિત્રને ઈજાઓ થવા પામી છે. સેકટર-૭ પોલીસે ગુનો દાખલ કરીને આજે બપોરે આરોપી ડ્રાઈવરની ધરપકડ કરી લીધી છે.

મળતી માહિતી મુજબ ગઈ મોડી સાંજે ઉવારસદ તરફથી બાઈક નં. જીજે ૧૮ જે ૭૦૩૩ લઈને ગોકુલપુરા છાપરા ખાતે રહેતા ૬૦ વર્ષીય બાબુભાઈ મોહનભાઈ મારવાડી તથા તેમના મિત્ર ઘર તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન ઉવારસદ તરફથી ધસમસતી આવતી આઈશર ટ્રક નં. જીજે ૧ સી.વી. ૪૧૪૭ એ પાછળથી તેમના બાઈકને અડફેટે લઈ લેતા બંને બાઈક સવારો ઉછળીને રસ્તા પર પટકાયા હતા. જેમાં બાબુભાઈ મારવાડીનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. આઈશર મુકીને ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. મૃતકના જમાઈ કિશનભાઈ દંતાણીની ફરિયાદને આધારે સેકટર-૭ પોલીસે આઈશરચાલક સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે. દરમિયાન આજે બપોરે પીએસઆઈ એસ.બી. ચૌધરીએ આરોપી ડ્રાઈવરની ધરપકડ કરી પુછપરછ શરુ કરી છે.

# ક્ષમા કરો...આપના પૈસા વિજય માલ્યા લઈ ગયા

**વિજય માલ્યાના દેશ છોડીને જવાની ઘટના પર સોશ્યલ મિડીયામાં અઢળક ટુચકા ફરતા થયા**

ગાંધીનગર, તા.૧૨

હવે જયારે દેશમાં કોઈ પણ નાની મોટી ઘટના આકાર પામે છે ત્યારે તુરંત જ સોશ્યલ મિડીયા પર તેના પ્રત્યાઘાતો જોવા મળે છે અને જયાં સુધી નવી ઘટના ના સર્જાય ત્યાં સુધી નેટીઝન્સ તેને છોડતા નથી. અત્યારે દેશમાં છેલ્લા કેટલાક સમયથી દિલ્હીની જેએનયુ ખાતેની ઘટના સોશિયલ મિડીયામાં છવાયેલી હતી અને તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા હતા. જો કે આ સપ્તાહે ઉદ્યોગપતિ સાંસદ વિજય માલ્યા દ્વારા દેશની આશરે ૧૭ બેંકોના લગભગ ૯૦૦૦ કરોડની લોનની ભરપાઈ કર્યા વગર દેશ છોડી દીધો હોવાની ઘટનાએ સોશ્યલ મિડીયાનું ખુબ ધ્યાન આકર્ષિત કર્યુ છે. ગાંધીનગરમાં પણ વહોટસએપ તથા ફેસબુક અને ટવીટર જેવા માધ્યમોમાં વિજય માલ્યા આધારિત અનેક પ્રકારની ચર્ચા વિચારણા દલીલો સાથે સાથે અઢળક રમુજી ટૂચકા પણ ફરવા લાગ્યા છે. હાલ વાઈરલ થયેલા આ ટૂચકાઓ શહેરના ચોરેને ચૌટે ચર્ચાસ્પદ બન્યા છે.

● સુના થા શરાબ બરબાદ કર દેતી હૈ હર શરાબ પીનેવાલો કો, મગર પહેલીબાર એક શરાબ બેચનેવાલા 'દિવાલિયા' હુઆ હૈ.


● મારા દાદા તો પહેલેથી કહેતા હતા કે...આલ્યા-માલ્યાને પૈસા ઉછીના ન અપાય... હવે ભોગવો...

● ગાંવ મેં દો શરાબી બાત કર રહે થે..

'યે વિજય માલ્યા ઈમાનદારી મેં ગયા... સાલા બરબાદ હો ગયા પર દારૂ કી કવોલીટી ના બિગડને દી બંદે ને...'

● વિજય માલ્યા કા વ્હોટસએપ સ્ટેટસ : 'ગીવ મી અ લૉન એન્ડ લીવ મી એલોન.'

● આજે કમાલ થઈ ગઈ!? એટીએમમાં પૈસા કાઢવા કાર્ડ નાંખ્યું તો અંદરથી અવાજ આવ્યો, 'ક્ષમા કરો, આપના પૈસા વિજય માલ્યા લઈને નાસી ગયા છે.'




● માત્ર ચોવીસ કલાક માટે ગુજરાતમાં કિંગ ફિશર બિયરને છુટ આપે તો બધી બેંકોનું ફ્રી થઈ રિલેકસ થઈ જાય અને માલ્યા પાછા આવી જાય તે નફામાં...

● 'મોટા કપાળથી ભાગ્ય નથી ખુલતું, બનો છો તમે ટાલિયા, આમ આખાનું કરી નાંખો તો જ બનાશે જીવનમાં વિજય માલ્યા.'

● કિટલીવાળો પણ ખરો નીકળ્યો, વાયદો ઈટલીવાળાને ભગાડવાનો કર્યો હતો અને ભગાડી દીધો 'બાટલીવાળાને..!!'

● ડિયર માલ્યા સાહેબ,

જયાં હોવ ત્યાંથી પાછા આવી જાવ, અમારા ગુજરાતીઓ પર વિશ્વાસ રાખો, ધુળેટીના દિવસે બધું દેવું ચુકતે કરી આપીશું.

-લાલુ દારૂડિયો

● વિજય માલ્યાનું આ જ થવાનું હતુ ભાઈ, ૭૦ રૂપિયાના ડબલાના રૂ. ૨૦૦ દેવા પડતા હતા, અમારી 'હાય' લાગી છે એને...!!

● શ્રી શ્રી રવિશંકર : આઈ ટીચ 'આર્ટ ઓફ લીવીંગ' (જીવવું)

વિજય મલ્યા : આઈ ટીચ 'આર્ટ ઓફ લિવીંગ' (છોડી દેવું)

શ્રી શ્રી : આઈ ટીચ સુદર્શન ક્રિયા

માલ્યા : આઈ ટીચ પ્રદર્શન ક્રિયા

શ્રી શ્રી : આઈ કલીન બેન્કસ ઓફ યમુના

માલ્યા : આઈ કલીન બેંકસ ઓફ ઈન્ડિયા

● હમ રહે ના રહે, આપ પીતે રહેના - માલ્યા

● એક વિજય કો ગ્યારહ મુલ્કો કી પુલીસ ઢૂંઢ રહી થી, ઔર એક વિજય કો ગ્યારહ બેંકો કે ચેરમેન ઢૂંઢ રહે હૈ.

● હિસાબ સાવ સીધોને સટ્ટ થઈ ગયો, બાપાનો માલ હતો ને માલિયો લઈ ગયો.

● સુત્રો કે અનુસાર માલ્યા કો મોદીજીને સિક્રેટ એજન્ટ કે તૌર પર સ્વીટઝર લેન્ડ ભેજા હૈ, વહા વો સ્વીસ બેંકો સે લોન લેકર ઈન્હે બરબાદ કર દેંગે.

## સિવિલના પિડીયાટ્રીક વોર્ડમાં ખુશીવેરાની વસુલાત

રાજયના પાટનગર ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં પ્રસુતા મહિલા દર્દીના પરિવાર પાસેથી ખુશી વેરાની વસુલાત સ્ટાફ દ્વારા કરવામાં આવે છે. સિવિલના પિડીયાટ્રીક વોર્ડમાં દિકરો આવે તો રૂ.૫૦૦ અને દિકરી આવે તો રૂ.૩૦૦ બક્ષીસવેરાનો દર નક્કી કરવામાં આવ્યો છે. પરંતુ કોઈ પણ પરિવાર પોતાના ઘરે નવજાત બાળક આવે એટલે ખુશીથી જે મળે તે રૂપીયા બક્ષીસરુપે આપતા હોય છે. જયારે ગરીબ પ્રસુતા મહિલાના પરિવારજનો બક્ષીસ આપી શકે તેવી પરિસ્થિતિમાં ના હોય તો પણ આ વેરો માંગવામાં આવે છે. આ વેરાની ઉઘરાણીને લઈ સિવિલમાં આવતા જિલ્લાના ગરીબ મહિલા પ્રસુતા દર્દીના સગાઓમાં રોષ જોવા મળ્યો છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં દર્દીઓને મળતી માળખાકીય સુવિધાને પગલે દર્દીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે જેમાં સગર્ભા મહિલાઓનો પણ સમાવેશ થાય છે. જિલ્લાકક્ષાની હોસ્પિટલ હોવાથી ગાંધીનગર જિલ્લાના આસપાસના ગામોના ગ્રામજનો પ્રસુતા માટે મહિલા દર્દીઓને ગાંધીનગર લાવે છે. મહિલા સગર્ભા દર્દીઓને યોગ્ય મળતી સારવારથી પરિવારજનો પણ ગામની અન્ય મહિલા દર્દીને સિવિલમાં સારવાર લેવા માટે પ્રોત્સાહીત કરે છે. સિવિલના અંતરંગ સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ સિવિલમાં પ્રસુતા મહિલાને દિકરો આવે તો રૂ. ૫૦૦ અને દિકરી આવે તો રૂ.૩૦૦ ખુશીવેરો નક્કી કરવામાં આવ્યો છે. આ વેરો કોણ ઉઘરાવે છે સ્ટાફમાં તે પણ તપાસનો વિષય છે. જયારે કેટલાક મહિલા દર્દીના પરિવારજનો પોતાના પરિવારમાં દિકરો આવે કે દિકરી કોઈપણ ભેદભાવ વિના નિયત દરથી પણ વધુ બક્ષીસરૂપે ભેટ આપતા હોય છે. પરંતુ સિવિલમાં મહિલા ગરીબ દર્દીના પરિવારજનો પાસેથી પણ વેરા માટે વારંવાર માંગણી કરવામાં આવે છે અને જો કોઈ આપવાનો ઈન્કાર કરે તો ચકમક પણ ઝરે છે. જેને પગલે ગરીબ પરિવારોમાં આ ખુશીવેરા (બક્ષીસ) ને લઈ રોષ જોવા મળી રહ્યો છે. સિવિલમાં આ રીતની વેરાની વસુલાત કરવામાં આવતી હોય તો મહિનામાં કેટલા બાળકો સિવિલમાં જન્મ લેતા હશે મહિનાના આંકડા પર નજર કરીએ તો આ રૂપીયાનો આંકડો તેઓને મળતા પગાર કરતા અનેકગણો વધી જવા પામે છે. સિવિલ સતાધિશો આ અંગે યોગ્ય કાર્યવાહી કરે તેવું ગરીબ સુવાવડી મહિલાના પરિવારજનોની લાગણી અને માંગણી છે. ઉલ્લેખનીય છેકે ખાનગી હોસ્પિટલમાં સ્ટાફને રૂપીયા આપવા નહીં તેવું લખાણ લગાડવામાં આવે છે. જો આવું લખાણ પિડીયાટ્રીક વોર્ડમાં પણ લગાડવામાં આવે તો આ ખુશી વેરામાંથી લોકોને મુકિત મળે.

## ચિરવિદાય

● સ્વ. બાબુભાઈ મોહનભાઈ મારવાડી, ઉ.વ. ૬૦